### આકૃતિથી અનોખા : પ્રકૃતિથી પ્રભાવશાળી
### કૃતિથી કામણગારા : એક એકથી અધિકી
### અજોડતાના અવતાર : આ યુગના યોગી :

# પૂ. પંન્યાસ શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર

જૈનજગતમાં 'પંન્યાસજી મહારાજ'ના લાડીલા સંબોધનથી જાણીતા–માનીતા બનેલા શ્રી ભદ્રંકરવિજયજી ગણિવર પોતાનાં કાર્યો દ્વારા એક રોમાંચક ઇતિહાસના સર્જક છે. સં. ૧૯૫૯ થી સં. ૨૦૩૬ સુધીના ૭૭ વર્ષના સમયગાળામાં કાળસાગરને કિનારે પોતાનાં ચરણચિહ્નો અંકિત કરી જનાર પ. પૂ. પંન્યાસજી મહારાજ અનેક રીતે અનોખા નહીં, અજોડ અને અનન્ય પણ છે. જૈનસંઘમાં છેલ્લી પાંચ–છ સદીઓ દરમિયાન જે ઇતિહાસ લખાયો તેમાં પૂજ્યશ્રીનું પ્રદાન એક નવી જ ક્ષિતિજના ઉદ્દ્ઘાટન સમું હતું. નમસ્કાર મહામંત્ર તો ઘરે–ઘરે અને જીભે–જીભે ગવાતો મંત્ર હતો; પરંતુ તેના મહિમાનું ક્ષેત્ર જોઈએ તેટલું પ્રસિદ્ધ ન હતું. એ ક્ષેત્ર પર ચિંતન–મનન કરીને, એ મંત્રાધિરાજના મહિમાનું વિરાટ ગાન ગુંજતું કરવામાં પૂજ્યશ્રીએ પોતાનાં જીવન અને કવન દ્વારા કાર્ય કર્યું તે અજોડ છે. એ જ રીતે, મૈત્રીભર્યા વાતાવરણને સ્થાપવા માટે તેઓશ્રીએ સતત પુરુષાર્થ કર્યો તે પણ અજોડ હતો. પૂજ્યશ્રી પોતાની શાંત આકૃતિ–પ્રકૃતિ દ્વારા એક 'અજાતશત્રુ' તરીકે પ્રતિષ્ઠા પામ્યા હતા. તેમ છતાં, આવશ્યકતા પ્રમાણે ખંડન-મંડનની પ્રવૃત્તિને પણ આવકારતા હતા. પૂજ્યશ્રીના પરિચયમાં જ પ્રશાંતિના પરિમલની લહેર આવતી. ગમે તેવો બળ્યો–ઝળ્યો માનવી તેમની મૌન મુખમુદ્રા જોઈને જ હિમ સમી ઠંડક અનુભવતો. પૂજ્યશ્રીની સ્વસ્થ, શાંત બોલચાલની રીત એ શાંતિમાં ઉમેરો કરતી અને સામેની વ્યક્તિ પ્રસન્ન થઈ ઊઠતી. તેમ છતાં, તેઓશ્રી કથાના કોલાહલથી, પ્રતિષ્ઠાના પ્લેટફોર્મથી અને નામનાની હૂંસાતુંસીથી સદાય દૂર રહેતા. 'જસ્સ મણે નવકારો, સંસારો તસ્સ કિં કુણઈ' એ તેઓશ્રીનો જીવનમંત્ર હતો. 'ખમું છું' અને 'નમું છું' એ બે તેઓશ્રીના વિષયો હતા. 'ખમવું' તે નમ્રતાનું પ્રતીક અને 'નમવું' તે પ્રભુભક્તિનું પ્રતીક છે એમ તેઓશ્રી માનતા અને મનાવતા.

જીવનમાં સંયમ અને સરસ્વતીની સુવાસને પ્રસરાવનારા અને મૃત્યુને 'વ્યાધિમાં સમાધિ' રૂપે નિહાળનારા પંન્યાસજી મહારાજ સં. ૧૯૫૯ના માગશર સુદ ત્રીજે પાટણની ધર્મધરા પર જન્મ્યા. ભાવિ લક્ષણને અનુરૂપ ભગવાનદાસ નામાભિધાન પામ્યા. પિતા હાલાભાઈની કર્મભૂમિ મુંબઈ હોવાથી ભગવાનદાસનો ઘણોખરો ઉછેર મુંબઈમાં જ થયો. સોળ વર્ષે મેટ્રિક થયા. ધાર્મિક અભ્યાસ પણ વધતો જતો હતો. અંતરમાં વૈરાગ્યના અંકુર ફૂટવા માંડ્યા હતા. છતાં અનિચ્છાએ લગ્નગ્રંથિથી જોડાયા. સં. ૧૯૮૫માં સકલાગમ રહસ્યવેદી પૂ. આ. શ્રીમદ્ વિજયદાનસૂરીશ્વરજી મહારાજ સપરિવાર મુંબઈ પધાર્યા. મુનિશ્રી રામવિજયજી મહારાજની જોશીલી વાણી ભગવાનદાસના હૃદયને હલાવી ગઈ. દિનપ્રતિદિન અસર ઘેરી બનતી

ચાલી. પૂજ્યપાદ ગુરુદેવશ્રી આસપાસ ધાર્મિક પ્રગતિ કરતો એક વર્ગ રચાઈ ગયો. આ વર્ગ પૂ. ઉપાધ્યાયજી શ્રી યશોવિજયજી મહારાજના સાહિત્યનો અભ્યાસી બન્યો. આમ, ભાઈ ભગવાનદાસમાં વૈરાગ્યભાવના ખીલી ઊઠી. એ જમાનામાં દીક્ષા દુર્લભ હતી. છતાં તેમની મક્કમતા આગળ કુટુંબીઓને નમતું જોખવું પડ્યું. સંયમ માટે સહર્ષ અનુમતિ આપી. સં. ૧૯૮૭ના કારતક વદ ત્રીજે મુંબઈ, ભાયખલામાં ભગવાનદાસ પૂ. શ્રી રામવિજયજી મહારાજના શિષ્ય તરીકે મુનિશ્રી ભદ્રંકરવિજયજી તરીકે ઉદ્ઘોષિત થયા. ગૃહસ્થજીવનમાં આયંબિલના તપ પ્રત્યે અજબનો અનુરાગ હતો. એક વખત છ મહિના લાગટ આયંબિલ કર્યાં હતાં. દીક્ષા બાદ નાદુરસ્ત તબિયતને કારણે તપ-પ્રેમ વધતો રહ્યો, અને વર્ધમાન તપની બાવન ઓળીઓ પૂર્ણ કરી. પોતાના પરિચયમાં આવતા પ્રત્યેક માનવીના મનમંદિરમાં બિરાજવાની પુણ્યપ્રકૃતિ ધરાવતા મુનિરાજને સં. ૨૦૦૭ના મહા સુદ ૭ને દિવસે પાલીતાણામાં પંન્યાસપદથી અલંકૃત કરવામાં આવ્યા. પ્રભાવ, પુણ્યાઈ અને પવિત્રતાથી પરિપૂર્ણ હોવા છતાં 'આચાર્યપદ'નો અસ્વીકાર કરવાની નિરીહતાને કારણે વર્તમાન યુગના 'પંન્યાસ શ્રી સત્યવિજયજી' બની ગયા. એનાથી પૂજ્યશ્રીની પ્રતિષ્ઠામાં એટલો વધારો થયો કે આચાર્યો પણ તેઓશ્રીની અદબ જાળવતા. આયંબિલનો તપ, મહામંત્રનો જાપ અને બ્રહ્મવ્રતનો ખપ – આ સૂત્રની સિંહગર્જના કરી; જેના પ્રભાવે નવપદ અને વર્ધમાન તપની આરાધનામાં જોશ આવવા સાથે સિદ્ધચક્ર મહાપૂજનનો પ્રચાર જૈનસંઘમાં ખૂબ જ વેગીલો બન્યો. સં. ૧૯૮૭થી પ્રારંભાયેલું એ સંયમજીવન સં. ૨૦૩૬ના વૈશાખ સુદ ૧૪ના દિવસે સમાધિમૃત્યુની સફળતાને વર્યું. પચાસ વર્ષના દીક્ષાપર્યાય દરમિયાન પૂ. પંન્યાસજી મહારાજ અનેક શાસનપ્રભાવક કાર્યો સિદ્ધ કરી ગયા. છેલ્લાં ઘણાં વર્ષો મારવાડ–ગોલવાડ તરફ વિચરતા હતા; પરંતુ અસ્વસ્થ તબિયતને કારણે પાટણમાં સ્થિર થયા. ડોકટરોને પણ આશ્ચર્ય થાય એટલી સમતા જાળવી. અને પાટણના પનોતા પુત્રે પાટણની ભૂમિ પર જ પોતાની પાવન જીવનલીલા સંકેલી પરલોકે પ્રયાણ કર્યું.

પૂજ્ય પંન્યાસજી મહારાજનું જીવન નિરભિમાન, અનાસંસભાવ, પરાર્થપ્રિયતા, કલ્યાણ-કામના, સદૈવ સસ્મિત મુખમુદ્રા, ઊંડાં ચિંતન–મનનની પ્રતિભા, નમસ્કાર–નિષ્ઠા, ભગવદ્ભક્તિ આદિ અનેક સદ્ગુણોથી ઓપતું હતું. તેઓશ્રીનું મન મૈત્રીભાવ અને મહામંત્ર-માહાત્મ્યથી મંજાયેલું હતું; ચિત્ત ચારિત્ર દ્વારા ચોખ્ખું હતું; તનમાં તપની તાજગી હતી; મુખ પર માધુર્યનું મનોહર હાસ્ય હતું; વાણી વેધકતા ધારતી હતી; પૂજ્યશ્રી સ્વયં વાત્સલ્યમૂર્તિ હતા. તેઓશ્રી આગને બાગમાં, વિરોધને વિનયમાં, અધર્મનાં અંધારાંને પુણ્યપ્રભાવી ધર્મપ્રકાશથી અજવાળવાનું સામર્થ્ય ધરાવતા હતા. અને એ સામર્થ્યથી જ પૂજ્યશ્રીએ મહાન શાસનપ્રભાવના દ્વારા સંયમજીવન સાર્થક બનાવ્યું. (સંકલન : પૂ. આચાર્યશ્રી વિજયપૂર્ણચંદ્રસૂરિજી મહારાજ.)

Jain Education International 2010_04 For Private & Personal Use Only www.jainelibrary.org